# BLIND WELFARE COUNCIL

DAHOD - PANCHMAHAL - MAHISAGAR

DISTRICTS




Gayatri Joshi's New Life

- A Mother Changed Her Life For Her Child

## PROGRESS REPORT FOR THE YEAR 2022-2023

## વાર્ષિક પ્રગતિ અહેવાલ ૨૦૨૨-૨૦૨૩



Aids & appliances distribution to the needy



Legal guardianship certificate distribution



Van Utsav Sanman Karyakram
Appreciation BWC



Flour mill distribution to the disabled



Visit of the MLA Dahod



Self employment kits distribution
to the persons with disabilities



Dry fruits distribution to the
viusally impaired supported by Donatekart



Visit of the Deputy Director Gandhinagar

# BLIND WELFARE COUNCIL

MANDAV ROAD, OPP. PANCHMUKHI HANUMAN TEMPLE,
DAHOD 389151 (GUJARAT, INDIA)
Phone: +91 2673 243389, M: +91 84015 13352
email: bwcdahod@gmail.com website:www.bwcdahod.com


# ANNUAL REPORT 2022-23

**Our Mission :-**

**To strive for, and respond to the rights of disabled people through service delivery and advocacy efforts.**

**Our Vision :-**

**To ensure that all Diviyangjan have access to the right of equal opportunities leading to improved life and full participation in the society with respect and dignity.**

Donations given to this Trust are Exempted under section 80 G

Registered under Bombay Public Trust Act 1950/29/E/5/Dahod

I.T. Reg. Act No. BRD / Exemption 110-10-B-2/18/7/2000(1961)

Disabled Act Reg. No. 420003903

National Trust Reg. No. GBLI15511179445

FCRA No. 042010005, CSR No. 00012415

give INDIA Registered with GiveIndia, for online donations
Please visit the link: http://www.giveindia.org/m-879-blind-welfare-council-dahod.aspx

donate now powered by danamojo — Direct Payment Gateway on Our Website: bwcdahod.com

## Our Bank Details

| | Indian donation | Foreign donation |
|---|---|---|
| Name of the account | : BLIND WELFARE COUNCIL | : FCRA BLIND WELFARE COUNCIL |
| Account Number | : 310402010008651 | : 40101566520 |
| Name of Bank | : UNION BANK OF INDIA | : STATE BANK OF INDIA |
| IFSC Code | : UBIN0531049 | : SBIN0000691 |
| SWIFT Code | : UBININBBIBR | : SBININBB593 |
| Branch | : DAHOD | : NEW DELHI |

# PANORAMA OF OUR ACTIVITIES

- Lalit Bahuviklang Nivasi Pathshala - Residential School for the Children with Multiple Disabilities & Hearing Impairment.
- Day Care Centre for the Children with Intellectual disabilities & Multiple Disabilities.
- Inclusive education for disabled children at secondary stage (IEDSS)
- Radio Awaj "90.8" FM - Community Radio Service.
- Gail Snehalaya- Hostel for Girls with disabilities.
- "NASIM FOUNDATION" Computer Training Center for the Disabled.
- Industrial Training Center (Computer Operator) for the Persons with disability.
- Lions Divyang Talim Sanstha (Screen & Offset Printing, Carpentry & Furniture, File Making, Tailoring, Paper Dish Making, Candle Making, Doormate Making, Data Entry, Computer Operating and Designing, Braille Printing Press)
- Resource Rooms (Learning Rooms) for all three categories - Visually Impaired, Hearing Impaired and Intellectually Disabled.
- Early Intervention Center and Sensory Training Unit.
- Neelaj Kirit Desai Physiotherapy & Occupational Therapy Unit.
- J & A Gunderwala Training College
  (Diploma in Special Education - Mental Retardation)
- College for B.Ed-SEDE (Mental Retardation and Visual Impairment)
- Center for CRE - (Continuing Rehabilitation Education) Programme.
- Community Based Rehabilitation Programme.
- Disabled Advocacy Center.
- “Pushpakunj” Sensory Training Garden.

# List of the Trust Members 2022-2023

## Last Board Meeting held 19/03/2023

| Sr. No. | Designation | Name & Address | Age | Profession | Meeting attended |
|---|---|---|---|---|---|
| 1. | President Board Member | Prafulbhai N. Vyas "SMIT", Bungalow No. 14, Rameshwar Bunglow 3, Kuha Patiya, Indore Highway Kuha, Ta. Daskroi, Dist. Ahmedabad | 67 | Retired Teacher | 1 |
| 2. | Vice President Board Member | Bhaskarbhai Mehta A/7, Anand Nagar, Idar. Dist. Sabarkantha | 73 | Retired Professor | 0 |
| 3. | Vice President Board Member | Dr. Nagendranath Nagar 5, Santoshi Villa, Nilam Society, Dahod. | 77 | Medical Doctor | 2 |
| 4. | Managing Trustee & Hon. Gen. Secretaty Board Member | Dr. Yusufi F. Kapadiya New Burhani Housing Society, Mission Road, Dahod. | 60 | Retired Lecturer | 2 |
| 5. | Joint Secretaty Board Member | Khimjibhai L. Patel 2, Umiya Krupa, Ashirwad Society, Govind Nagar, Dahod | 67 | Retired Teacher | 1 |
| 6. | Trustee | Zoherbhai Diler Lalit Pipes & Pipes Ltd, 212, Hermesh Attrium, Sector 11, CBD Belapur, Navi Mumbai - 14 | 66 | Company Director | 0 |
| 7. | Trustee | Virabhai M Parmar Arunoday Society, B/H G.I.D.C., Galaliya Vaad, Dahod. | 66 | Retired Principal | 2 |
| 8. | Trustee | Mohammad Hanif H Kesari Gulistan Society, Fatepura Road, Jhalod. Dist.Dahod | 52 | Teacher | 0 |
| 9. | Trustee | Salmaben Y Kapadiya New Burhani Housing Society, Mission Road, Dahod | 58 | House Wife | 2 |
| 10. | Trustee | Jaishreeben M Mistry A4, 104, Gujarat Housing Board, Sardar Patel Nagar, Shashtri Nagar, Naranpura, Ahmedabad | 60 | Teacher | 0 |
| 11. | Trustee | Bharatbhai N Panchal 177, Opp. Urban Hospital, Laxmi Nagar, Dahod | 52 | Teacher | 0 |



# From the Desk of the Managing Trustee & Hon. Gen. Secretary:

**Dear Well Wishers & Donors**

It gives me immense pleasure and satisfaction, to present this report to you. You are well aware that this organization has been working for the education, training and rehabilitation of hundreds of persons with different disabilities in the districts of Dahod, Panchmahal and Mahisagar of Gujarat. It is only with your persistent support and encouragement that we have been successful in entering in this 24th Year of our services to the differently abled (Divyangjan) community of this so called backward, tribal pocket in the progressive state of Gujarat.

We have been running various programs for the Divyangjan with the support of the Government and the society. With the cooperation of parents and the hard work put by our dedicated staff, the progress of the children has been quite impressive and has been appreciated by visiting dignitaries, various Government and non-government authorities and social workers.

We impart formal education as well as vocational training to these children, which helps them to get self employment, to be financially self-reliant and to earn respect in the society. Under the vocational training programme these disabled children are trained to make paper dish, Files, screen printing, tailoring, computer typing work, carpentry, decorative candles, chalk sticks, glass craft, greeting cards, gifts etc.

This year we could distribute about 270 self-employment kits to the persons with disabilities with the kind support of Blind peoples Association Ahmedabad. This kits shall help them to develop their business and they can earn more money for themselves and their families.

On "RADIO AWAJ" our listeners are ranging from 1.25 lakhs to 3.0 lakhs. This is the first of its kind radio service in Dahod District. Our main motto is to bring awareness among the community members about education, health, law, blind faith and citizens rights & duties. During the Covid 19 Pandemic we raised great awareness among the people of Dahod district by giving several programs and discussions.

We organized several programs for the awareness for the rights of persons with disabilities. Parents guidance and awareness program, electronic voting system, guidance and awareness about various Laws.

In the coming year we need to construct a building for the Lions Divyang Talim Center for persons with disabilities. I earnestly, request all of you to extend your wholehearted support and co-operation for raising this center.

I avail this opportunity to express my feelings of gratitude towards all in-house and field staff and our trustees who have continuously been working with extra ordinary zeal and examplary devotion. The Organization has been moving forward towards the achievement of its mission. May the Almighty give us enough strength to work for the welfare and development of all people with disability in particular and the o general. Amen !

**Dr. YUSUFI KAPADIYA**

Managing Trustee and Hon. Gen. Secretary



# : માનદ સા. મંત્રીશ્રીની કલમે :

સંસ્થાના શુભેચ્છકો અને દાતાઓ !

આ અહેવાલ તમારી સમક્ષ રજૂ કરતાં મને ખૂબ આનંદ અને સંતોષની લાગણી અનુભવું છું. તમે સારી રીતે જાણો છો કે આ સંસ્થા દાહોદ, પંચમહાલ અને મહિસાગર જિલ્લાઓમાં વિવિધ દિવ્યાંગતા ધરાવતા હજારો દિવ્યાંગજનો માટે શિક્ષણ, તાલીમ અને પુનર્વસન માટે કાર્યરત છે. તમારા સતત સમર્થન અને પ્રોત્સાહનથી જ અમે ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયમાં કહેવાતા પછાત અને આદિવાસી વ્યકિતઓના દિવ્યાંગ સમુદાય માટે અમારી સેવાઓ સાથે ૨૪માં વર્ષમાં સફળતાપૂર્વક મંગળ પ્રવેશ કરી રહ્યાં છીએ.

અમે સરકાર અને સમાજના સહયોગથી દિવ્યાંગજનો માટે વિવિધ કાર્યક્રમો ચલાવીએ છીએ. દિવ્યાંગ બાળકોના માતા-પિતાના સહકાર અને અમારા સમર્પિત સ્ટાફ દ્વારા કરવામાં આવેલી સખત મહેનતથી, બાળકોની પ્રગતિ ખૂબ પ્રભાવશાળી રહી છે. દરેક સમાજના મહાનુભાવો, વિવિધ સરકારી અને બિન-સરકારી સત્તાવાળાઓ અને સામાજિક કાર્યકરો દ્વારા અત્રેની સંસ્થાની મુલાકાત લઇને તેની પ્રશંસા કરવામાં આવી છે.

અમે આ બાળકોને ઔપચરિક શિક્ષણ તેમજ વ્યાવસાયિક તાલીમ આપીએ છીએ. જે તેમને સ્વ-રોજગાર મેળવવા, આર્થિક રીતે આત્મનિર્ભર બનવા અને સમાજમાં સન્માન મેળવવામાં મદદ કરે છે. વ્યાવસાયિક તાલીમ કાર્યક્રમ હેઠળ આ દિવ્યાંગ બાળકોને પેપર ડીશ બનાવવી, ફાઇલ બનાવવી, સ્ક્રીન પ્રિન્ટીંગ, ટેલરીંગ વર્ક, કોમ્પ્યુટર ટાઇપીંગ વર્ક, સુથારીકામ, ડેકોરેટિવ મીણબત્તીઓ, ચોક, ગ્લાસ ક્રાફટ, ગ્રીટીંગ કાર્ડ, ભેટ વગેરેની તાલીમ આપવામાં આવે છે.

આ વર્ષે અમે બ્લાઇન્ડ પીપલ્સ એસોસિએશન અમદાવાદના સહયોગથી દિવ્યાંગ વ્યકિતઓને લગભગ ૨૭૦ સ્વ-રોજગાર કીટનું વિતરણ કરી શક્યા છીએ. આ કિટ તેમને તેમનો વ્યવસાય વિકસાવવામાં મદદ કરશે અને તેઓ પોતાના માટે અને તેમના પરિવાર માટે વધુ કમાણી કરી શકશે.

“રેડિયો અવાજ” 90.8 પર અમારા શ્રોતાઓની સંખ્યા ૧.૨૫ લાખથી ૩.૦ લાખ સુધી છે. દાહોદ જિલ્લામાં આ પ્રકારની પ્રથમ રેડિયો સેવા છે. અમારો મુખ્ય સૂત્ર સમુદાયના સભ્યોમાં શિક્ષણ, આરોગ્ય, કાયદો, અંધશ્રધ્ધા, તેમના અધિકારો અને ફરજો વિશે જાગૃતિ લાવવાનો છે. કોવિડ-૧૯ રોગચાળા દરમ્યાન અમે અનેક કાર્યક્રમો અને ચર્ચાઓ કરીને દાહોદ જિલ્લાના લોકોમાં ભારે જાગૃતિ લાવી હતી.

અમે દિવ્યાંગ વ્યકિતઓના અધિકારો માટે માતા-પિતા માર્ગદર્શક અને જાગૃતિ કાર્યક્રમ, ઇલેકટ્રોનિક વોટિંગ સિસ્ટમ, કાયદા માટે માર્ગદર્શક અને જાગૃતિ જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કર્યુ છે.

આવનારા વર્ષમાં આપણે દિવ્યાંગ વ્યકિતઓ માટે લાયન્સ વોકેશનલ ટ્રેનિંગ ક્રમ પ્રોડકશન સેન્ટર માટે બિલ્ડિંગ બાંધકામની જરૂર છે. હું આપ સૌને આ કેન્દ્રના વિકાસ માટે હૃદયપૂર્વક સાથ અને સહકાર આપવા વિનંતી કરું છું.

હું આ તકનો લાભ લઇને ઘરના અને ક્ષેત્રના તમામ સ્ટાફ પ્રત્યે મારી લાગણી અને કૃતજ્ઞતા વ્યકત કરું છું. તેઓ અસાધારણ ઉત્સાહ અને અનુકરણીય નિષ્ઠા સાથે સતત કામ કરી રહ્યા છે. સંસ્થા તેના મિશનની સિદ્ધિ તરફ સતત આગળ વધી રહી છે, સર્વશકિતમાન આપણને ખાસ કરીને તમામ દિવ્યાંગ વ્યકિતઓ અને સામાન્ય રીતે સમગ્ર સમાજના કલ્યાણ અને વિકાસ માટે કામ કરવા માટ પૂરતી શકિત આપે. આભાર!

**(ડૉ. યુસુફી કાપડીયા)**
**મેનેજિંગ ટ્રસ્ટી અને**
**માનદ સામાન્ય મંત્રી**

### Lives are changing at Blind Welfare Council Dahod Gayatri Joshi & Sunitaben Joshi

# Gayatri Joshi's New Life - A Mother Changed Her Life For a Child

**A story of a Mother-in-Law that Justifies the above sentence. In the Words of Sunitaben Joshi**

"Our daughter named Gayatri was born in a Brahmin family on 6th December 1997. There was happiness in the whole family. In that case, the doctor said that the child has drunk some dirty water at the time of birth. So you should show it to a special child's doctor. Where the treatment continued for a few days as per the doctor's advice.

As time passed, this child was not developing like a normal child. Because of this, I consulted the doctor again. Then he told us that she will have difficulty in walking, speaking, and sitting. And its development will be slow. After some times, as the age increased, the problem also increased and now her vision was hindered. We got her check up done with many good doctors, but they all gave the same answer. "You have to accept the situation of this child". We were shocked and mentally disturbed. We went to every hospital, temple and whatever people advised us, do to cure Gayatri. We had only one question, "why God gave us such a child".

As time passed, we too accepted that this child was given to us by God. But we did not lose our courage and passion. We kept doing both medicine and prayers and made every effort to cure our daughter. But there is a saying that "Raam raakhe tene kon chaakhe". After some time, Gayatri was able to see. Her vision gave us courage to our entire family. We thanked the Almighty.

Now the time had come to shape the future of the child. Every parent wants his child to get admission in good school and get good education. But since my Gayati was having multiple problems, we were very much worried about her education. Then we learned by somebody that there is a school for the special children at Dahod. We visited the Blind Welfare Council and met with Mr Mohammadibhai Garbadawala - Incharge of the school who advised to send Gayatri to school regularly . We felt like we got a new perspective this time, as we were very concerned aout Gayatri's education. I used to travel 18 km daily from Garbada to Dahod school and back, daily. During that time every member of the family gave me enough support and cooperation. Along with studies, Gayatri was also given physiotherapy and speech therapy at school. As a result of which Gayatri walked slowly, started talking, playing with toys etc. Seeing this, our happiness had no bounds.

Now I also wanted to know how I, along with Gayatri, can help other such children, so I shared my feelings in the organization. I was informed about diploma in special education course. I took admission in this course and started my new life. I completed my studies and today I am Serving in a special school at the institute. I am doing the work of educating the special children. I am greatful to my Gayatri and to God for giving me such a meritorious work in the field of education of such special children.

As Gayatri grew up, she changed a lot. Along with education, she also started participating in every sports at school level. Sports brought a lot of changes in her life. In the year 2017-18, National Level Games were organized by special olympics at Bihar Patna. In which Gayatri took part in the bocche game and secured the third position. She received the medal from minister. It was a very happy day for us and for the whole family.

If this institution would have not been in Dahod, I would have not been able to shape my daughter's future. Today my daughter can do every work by herself, which is possible only with the support of BWC family. At this stage, I am indebted to the trustees of the organisation and to all those who have helped me in shaping my daughter's future. And today I am also able to create an identity because of my daughter and I am doing the work of imparting education to other disabled children as well.

# ગાયત્રી જોશી નું નવું જીવન
# બાળક માટે માતાએ પોતાનું જીવન બદલ્યું

**ઉપરના વાકયને સાર્થક કરતી એક માં–દીકરીની એક કહાની. સુનિતા બેન જોશી ના શબ્દો :**

વર્ષ ૧૯૯૭ ડિસેમ્બર મહિનાની ૦૬ તારીખે એક બ્રાહ્મણ પરિવારમાં ગાયત્રી નામની દીકરીનો જન્મ થયો. પૂરા પરિવારમાં ખુશીનો માહોલ જામેલ હતો. એવામાં ડૉક્ટર સાહેબે જણાવ્યું કે બાળકને જન્મ સમયે થોડું ખરાબ પાણી પીવામાં આવી ગયું છે. તો આપ કોઇ સ્પેશિયલ બાળકના ડૉક્ટરને બતાવી લાવો. જયાં ડૉક્ટરની સલાહ પ્રમાણે થોડા દિવસ ટ્રીટમેન્ટ ચાલુ રાખી. જેમ જેમ સમય ગયો તેમ તેમ સામાન્ય બાળકની જેમ આ બાળકનો વિકાસ થતો ન હતો. જેના કારણે ફરીથી ડૉક્ટર સાહેબની સલાહ લીધી. ત્યારે એમને અમને જણાવ્યું કે, આ બાળકીને જન્મ સમયે જે તકલીફ પડી જેના કરણે તેને ચાલવામાં, બોલવામાં, બેસવામાં તકલીફ રહેશે. અને તેનો વિકાસ ધીરે ધીરે થશે. થોડો સમય જતાં જેમ જેમ ઉંમર વધતી ગઇ તેમ તેમ તકલીફો પણ વધતી ગઇ અને હવે આંખે જોવાવાનું પણ બંધ થઇ ગયું અમે ગાયત્રીને લઇને ઘણા સારા સારા ડૉક્ટરો પાસે ચેકઅપ કરાવતાં, પણ દરેકે એકજ જવાબ આપ્યો કે આ બાળક જે પરિસ્થિતિમાં છે તે તમારે સ્વીકારવાનું રહ્યું. ત્યારે અમારા પગ નીચેથી જમીન ખસતી હોય તેમ લાગી. થોડો સમય અમને કોઇ પણ કાર્યમાં મન લાગતું નહીં. અને ગાયત્રીને સાજી કરવા માટે દરેક દવાખાનાઓ, મંદિરો અને જે લોકોએ અમને જે પણ કરવાની સલાહ આપી તે દરેક કાર્ય અમે કરતાં ગયા. અને એક જ વાતને અમે યાદ કરતાં કે, ભગવાન અમને જ કેમ આવું બાળક આપ્યું.

જેમ જેમ સમય વિતતો ગયો તેમ તેમ અમે પણ સ્વીકાર્યું કે આ બાળક અમને ભગવાને આપ્યું છે તે હવે સ્વીકારવાનું રહ્યું. પણ અમે અમારી હિંમત અને હોસલો છોડ્યો નહીં. અમે દવા અને દુઆ બંને કરતાં રહ્યા. અને મારી દીકરીને સાજી કરવાના દરેક પયત્નો કરતાં રહ્યા. પણ એક કહેવત છે ને ‘‘રામ રાખે તેને કોણ ચાખે’’ની કહેવત અમારી માટે સાર્થક થઇ. થોડા સમય પછી ગાયત્રીની આંખોની રોશની ધીરે ધીરે આવવા લાગી. અમે એ રોશનીએ અમને તેમજ મારા પૂરા પરિવારને હિંમત આપી. ઉપરવાળાનો આભાર વ્યકત કર્યો.

હવે જે સમય આવ્યો તે બાળકોના ભવિષ્ય ઘડવાનો આવ્યો હતો દરેક માતા-પિતાની ઇચ્છા હોય કે તેનું બાળકનું સારી શાળામાં એડમિશન મળે અને સારું શિક્ષણ મેળવે. પરંતુ મારી ગાયત્રી બહુદિવ્યાંગ હોવાથી તેના શિક્ષણ માટે અમે ખૂબજ ચિંતિત રહેતા. પછી કોઇક મહાનુભાવ દ્વારા જાણવા મળ્યું કે, દાહોદ ખાતે એક દિવ્યાંગ બાળકો માટે શાળા આવેલ છે. એ શાળામાં આપ આપની દીકરીને લઇ તો જાઓ. ત્યારે અમે એ શાળાની તપાસ કરી. અને ગાપત્રીને લઇને બ્લાઇન્ડ વેલફેર કાઉન્સિલ સંસ્થાની મુલાકાત લીધી. ત્યાં શાળાના ઇન્ચાર્જ શ્રી મોહમ્મદભાઇ ગરબાડાવાલા સાહેબની મુલાકાત થઇ, અને ગાયત્રીને દરરોજ શાળામાં લાવી પડશે અમે કહ્યું. અમને આ સમયે એક નવું નજરાણું મળ્યું હોય તેમ લાગ્યું. કારણ કે અમે ગાયત્રીના શિક્ષણ માટે ખૂબ ચિંતિત હતાં. હું ગરબાડા થી દાહોદ શાળા ખાતે દરરોજ ૧૮ કિ.મી. નો અંતર કાપીને આવતી. અને સાંજે ગાયત્રીને લઇને ઘરે જતી. તે સમય દરમ્યાન પરિવારના દરેક સભ્યોએ મને પૂરતો સાથ અને સહકાર આપ્યો. શાળા ખાતે ગાયત્રીને અભ્યાસની સાથે સાથે ફિઝિયોથેરાપી, સ્પીચ થેરેપી પણ આપવાં આવતી. જેના ફળ સ્વરૂપે ગાયત્રી ધીમે ધીમે ચાલતી થઇ, બોલતી થઇ, રમકડાં રમતી થઇ. આ જોઇને અમારી ખુશીનો કોઇ પાર ના રહ્યો.

હવે મારી પણ ઇચ્છા થઇ કે શું ગાયત્રીની સાથે સાથે હું, આવા બીજા બાળકોને કઇ રીતે મદદરૂપ થઇ શકું ? તે માટે મે મારી લાગણી સંસ્થામાં જણાવી. તો મને ડિપ્લોમા કોર્ષેની જાણકરી આપી. મે આ કોર્ષેમાં એડમિશન લીધું અને મે મારો જીંદગીનો નવો પડાવ શરૂ કર્યો. આજે મે મારો અભ્યાસ પૂર્ણ કરી આજ સંસ્થા ખાતે વિશિષ્ટ શાળામાં સેવા આપી રહી છું. અને મારા બાળકની સાથે સાથે અન્ય બાળકોને પણ શિક્ષણ આપવાનું કાર્ય કરી રહી છું. આવા સ્પેશિયલ બાળકોના શિક્ષણ ક્ષેત્રે મને પુણ્ય જેવુ કાર્ય કરવા માટે મે મારી ગાયત્રી તેમજ ભગવાનની આભારી છું.

ગાયત્રી જેમ જેમ મોટી થતી ગઇ, તેમ તેમ તેનામાં ઘણું પરિવર્તન આવતું ગયું. શિક્ષણની સાથે સાથે તેને રમત ગમત માં પણ ભાગ લેવાનું શરૂ કર્યું. અને શાળા કક્ષાએ સ્પેશિયલ બાળકો માટે રમવામાં આવતી દરેક રમતોમાં ભાગ લેતા થઇ. જેનાથી તેના જીવનમાં ઘણું પરિવર્તન આવ્યું. વર્ષ ૨૦૧૭-૧૮ માં સ્પેશિયલ ઓલમપિકસ દ્વારા નેશનલ લેવલની ગેમ બિહાર પટણા ખાતે યોજવામાં આવી હતી. જેમાં ગાયત્રીએ બોચી ગેમમાં ભાગ લઇ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અને મંત્રીશ્રીના હસ્તે મેડલ પ્રાપ્ત કર્યું હતું. જે અમારા માટે તેમજ પૂરા પરિવાર માટે ખુબજ ખુશીનો દિવસ હતો.

આ સંસ્થા દાહોદ ખાતે ના હોત તો હું મારી દિકરીના ભવિષ્ય માટે ચિંતાગ્રસ્ત રહેતી. આજે મારી દિકરી દરેક કાર્ય પોતાની જાતે કરી શકે છે. જે સંસ્થા પરિવારના સહયોગથીજ શકય બન્યું છે. આ તબકકે હું સંસ્થા પરિવારના ટ્રસ્ટીશ્રીઓ તેમજ મારી દીકરીના ભવિષ્યના ઘડતરમાં જે પણ વ્યકિતઓ મને મદદરૂપ થયા છે. તેમના અમે ઋણી છીએ. અને આજે હું પણ મારી દીકરીના કારણે મારી એક ઓળખ ઊભી કરી શકી છું અને અન્ય દિવ્યાંગ બાળકોને પણ હું શિક્ષણ આપવાનું કાર્ય કરી રહી છું

# Programmes / Activities of the Organisation

## Lalit Bahuviklang Nivasi Paathshaala (For the children with intellectual disabilities and multiple disabilities) & Residential School for Children with Hearing Impairment

STD 1 - 5

The Multiple disabled residential school run by BWC Dahod was first of its kind started in Gujarat. At present there are 102 children with multiple disabilities, out of which 69 are boys and 33 are girls. They stay in the hostel and get systematic training and education. The teachers are specially qualified and are imparting best quality education and training to the special children. The development is slow but constant. The students with hearing impairment are provided training with help of sign language, charts, and models. The number of teachers provided by the Government is few, but the Trust has appointed adequate number of teachers at its own cost and is trying to provide best services to the children. All these students are provided education, lodging and boarding free of cost.

## Day Care Center for the children with Intellectual Disabilities & Multiple Disabilities

The institution also has a Day care center for children with intellectual disabilities and multiple disabilities, Where in we have 30 boys and 22 girls with the total of 52 such children who are imparted training and education during the day. The children go back to home in the evening. Our teachers work very hard for the all round development of these children.

**In both above set ups we do not charge any fees form the students. All the services are provided free of cost.**

## RADIO AWAJ 90.8 FM – Community Radio Station

With the kind Permission from Ministry of lnformation and Broadcasting along with six other ministries, on 5th October 2018, we have added one more developmental service for the community. We have started with Community Radio services on 90.8 FM named "RADIO AWAJ". This is the first of its kind radio service in Dahod District.

Our aim is to provide maximum awareness to all citizens in all developmental fields. We do several programs on health, education, general awareness, developmental activities, Agriculture, Animal Husbandry. Information on schemes from Social Defence department for the rights and duties of persons with disabilities, success stories of eminent persons and several programs on entertainment including new and old film songs are also being broadcasted. Special programs are relayed on different festivals celebrated at our institution. We also invite school students and teachers to express their views about community radio and we organize different competitions as per their level.

We are reaching to the community directly live, with mobile app (Radio Awaj Dahod) and with the help of Radio Garden (online). We have reached to about 1.25 lakh listeners by now. During the Covid 19 Pandemic we raised remarkable awareness among the people of Dahod district with several programs and discussions. At that time we had reached to about 3 lakh listeners.

We have received good support from Government departments and Public for the successful operation of this Community Radio Service. We expect the same support in future also.

# સંસ્થા ખાતે ચાલતા પ્રોગ્રામ/એક્ટીવીટી

## લલિત બહુવિકલાંગ નિવાસી શાળા અને મંદબુદ્ધિ-બહુવિકલાંગ બાળવિકાસ કેન્દ્ર

સંસ્થા દ્વારા અત્રે ચાલતી ગુજરાતની સૌ પ્રથમ બહુવિકલાંગ નિવાસી શાળામાં એક કરતા વધુ વિકલાંગતા ધરાવતા ૬૯-છોકરાઓ અને ૩૩-છોકરીઓ મળી કુલ ૧૦૨ જેટલા બાળકોને આ શાળામાં રહીને શિક્ષણ અને તાલીમ નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ ઈત્તર પ્રવૃતિઓ જેવી કે રમત-ગમત અને સાંસ્કૃતિક કાર્યક્મોમાં ભાગીદારી દ્વારા આ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનું કાર્ય કરવામાં આવે છે. આ બાળકોનો વિકાસ ધીમો પરંતુ નકકર રીતે થઇ રહયો છે અને તેમની રોજિંદી ક્રિયાઓમાં પણ ઘણું સ્વાવલંબન જોવા મળ્યું છે. સરકારશ્રી દ્વારા આ નિવાસી શાળામાં જરૂરિયાત કરતા ઘણા ઓછા કર્મચારીઓને ફાળવવામાં આવ્યા છે. વધારાના કર્મચારીઓને સંસ્થા પોતાના સ્વ ખર્ચે રાખી બાળકોને વધુ સારી સેવાઓ આપવાનો સતત પ્રયાસ કરી રહી છે.

આ સંસ્થામાં મંદબુદ્ધિવાળા બાળકો માટે ડે-કેર સેન્ટર પણ ચલાવવામાં આવે છે. આ મંદબુદ્ધિ-બહુદિવ્યાંગ બાળ વિકાસ કેન્દ્રમાં ૩૦-છોકરાઓ અને ૨૨- છોકરીઓ મળી કુલ ૫૨ જેટલા મંદબુદ્ધિવાળા બાળકો દરરોજ નિયમિત પોતાના ઘરેથી આવે છે અને સાંજે પરત પોતાના ઘરે જાય છે. આ બાળકોનો વિકાસ નોંધપાત્ર છે. આ બાળકોના વિકાસમાં સંસ્થાના કર્મચારીઓની મહેનત, લગન, નિષ્ઠા અને તેમના ટીમ વર્કે મહત્વનું યોગદાન આપ્યું છે અને આવા બાળકોના જીવનમાં ઉજાસ પાથર્યો છે.

## મુકબધિર (શ્રવણમંદ) બાળકો માટેની નિવાસી શાળા

અત્રેની સંસ્થા ખાતે ૬ થી ૧૪ વર્ષના શ્રવણમંદ બાળકો માટે નિવાસી શાળા ચલાવવામાં આવે છે. જેમાં શ્રવણમંદ બાળકોને શિક્ષણથી માંડીને તેમના જીવન જરૂરિયાતની તમામ ક્રિયાઓ તેમજ રમત-ગમતની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. આ બાળકોને ગ્રુપ હિયરીંગ એઇડ, સાઇન લેંગ્વેજ, લીપ રિડીંગ વગેરેની મદદથી વિવિધ વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષણ ઉપરાંત આ બાળકોને નૃત્ય, સામાજિક અને એકપાત્રીય અભિનય, નાટક અને જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ રમત-ગમત જેવી ઇતર પ્રવૃતિઓ પણ કરાવવામાં આવે છે. આ નિવાસી શાળામાં આ બાળકોને સંસ્થા દ્વારા રહેવા-જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક આપવામાં આવે છે.

## રેડિયો અવાજ 90.8 FM – કોમ્યુનિટી રેડિયો સ્ટેશન

ભારત સરકારના સૂચના અને પરિવહન મંત્રલાયની મંજૂરીથી 5મી ઓકટોમ્બર 2018ના રોજ આ સંસ્થાના કેમ્પસ ખાતે એક નવીન નજરણું ઉમરેવામાં આવ્યું. જે આજે આખા દાહોદ જીલ્લામાં ''રેડિયો અવાજ 90.8 FM'' ના નામે ઓળખાય છે અને હાલમાં સંસ્થાના કેમ્પસ ખાતે ''કોમ્યુનિટી રેડિયો સર્વિસિસ'' તરીકે કાર્યરત છે. જેમાં આ જિલ્લામાં વસવાટ કરતી જનતા માટે ફિલ્મી ગીતો સાથે સમુદાય પર આધારિત પ્રસંગો પ્રસારિત કરવામાં આવે છે. જેમાં જિલ્લા વહીવટ તંત્ર સાથે રહીને સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે પશુપાલન, ખેતી વિષયક, સમાજ સુરક્ષા કચેરી દ્વારા દિવ્યાંગો માટે મળતા જરૂરી લાભો, આરોગ્ય ખાતા તરફથી મળતી સહાય શિક્ષણને લગતી પ્રવૃતિઓ વગેરે સેવાઓ અમે આ રેડિયોના માધ્યમથી દાહોદ ની જનતા સુધી પહોચાડીએ છીએ.

સાથે સાથે દાહોદ શહેર તેમજ જીલ્લામાં આવેલ અલગ અલગ શાળાઓના બાળકો વતી પણ આ રેડિયો સ્ટેશનની મુલાકાત લેવામાં આવે છે અને આ સાથે આવતા બાળકોનો પણ અભિપ્રાય લઇ તે પ્રસારિત કરવામાં આવે છે. તથા આખા વર્ષ દરમ્યાન ઉજવાતા તહેવાર તેમજ દિવસો વિષે પણ અમે વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યુ લઇ પ્રસારિત કરીએ છીએ. તથા વિદ્યાર્થીઓની હરીફાઇનું આયોજન કરીએ છે.

આજની તારીખે ૧.૨૫ લાખ થી 3 લાખ જેટલા શ્રોતાઓ રેડિયો સાંભળી રહયા છે. આ શ્રોતાઓને ધ્યાનમાં રાખીને સંસ્થા તેમજ વહીવટી તંત્ર દ્વારા COVID 19 અંતર્ગત જનજાગૃતિ તેમજ લોકોમાં જાગૃતિ આવે તે માટેના જરૂરી પ્રોગ્રામો પણ પ્રસારિત કરવામાં આવે છે.

આ સાથે દાહોદની જનતા તેમજ વહીવટી તંત્રનો અમને ખૂબ સારો સાથ અને સહકાર મળ્યો છે અને ભવિષ્યમાં પણ મળતો રહેશે એવી આશા રાખીએ છીએ.

## IEDSS (Inclusive Education for Disabled Children at Secondary Stage)

We are running this program with the help of the Government of India and the IEDSS cell based at SSA :- Samagra Siksha Abhiyan Gandhinagar. Here we cover disabled children with different categories from Std 1st - 12th. (Intellectual disabled, Hearing impaired, Visually impaired, locomotor disabled). These children study in the normal school of their own villages. Our special teachers who are trained in that particular category teach these children and provide all the special training needed as per the ability of the student. They also help them to get all kinds of Government and Non Government benefits. In this program our special teachers cover the following children with disabilities.

| Category | Number of students | Number of Specialized Teachers Permanent |
|---|---|---|
| Visually Impaired | 219 | 15 |
| Hearing Impaired | 114 | 19 |
| Intellectual Disabled | 558 | 63 |
| Loco Motor Disabled | 421 | -- |
| **Total** | **1312** | **97** |

The above numbers of students are registered with us and we provide all benefits to them as per Government norms.

## Human Resource Development

The Institute has always tried to give teaching and training to persons who can train the disabled ones. Under such plans the Institute has Human Power Development programme.

| Name of Training Course | No. of Trainees | No. of persons trained till date | Course Duration |
|---|---|---|---|
| Diploma in Education Special Education Mental Retardation (D.Ed.S.E-M.R.) | 17 | 196 | 2 years |
| B.Ed Special Education Mental Retardation and Visual Impairment through distance mode | 04 | 306 | 2 years |
| Industrial Training Center (computer operator course for the disabled) | 05 | 149 | 01 year |
| Foundation course in Care Giving | 0 | 46 | 6 months |
| CCC and CCC+ training and exams for the disabled | 0 | 159 | 13 days |

The trust also organizes refresher courses C.R.E. (Continuing Rehabilitation Education) program for the special teachers who have been registered in the special education areas conducted by Rehabilitation Council of India, New Delhi.

## સંમિલિત શિક્ષણ યોજના (આઈ.ઈ.ડી.એસ.એસ. પ્રોગ્રામ)

અત્રેની સંસ્થા ખાતે ભારત સરકાર તથા આઈ.ઈ.ડી.એસ.એસ. સેલ, RMSA - ગાંધીનગરના સહયોગથી સંમિલિત શિક્ષણ યોજના સાથે ફકત ધો.૯ થી ૧૨ માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તબકકે અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો માટે ચલાવવામાં આવે છે. SSA, ગાંધીનગરના નીચે જણાવેલ જુદી-જુદી દિવ્યાંગતા ધરાવતા બાળકો પોતાના ઘરની આસપાસ આવેલી શાળાઓમાં ધરે જ રહીને સંસ્થા દ્રારા નિયુકત કરેલ તેમના વિશિષ્ટ તાલીમ પામેલ ખાસ શિક્ષકોના મદદથી અભ્યાસ કરી રહયા છે.

| કેટેગરી | વિકલાંગ વિદ્યાર્થીઓની સંખ્યા | તાલીમ પામેલ ખાસ શિક્ષકો |
|---|---|---|
| પ્રજ્ઞાચક્ષું (V.I.) | ૨૧૯ | ૧૫ |
| શ્રવણમંદ (H.I.) | ૧૧૪ | ૧૯ |
| મંદબુદ્ધિ (M.R.) | ૫૫૮ | ૬૩ |
| અસ્થિની ખામીવાળા (O.H./C.P.) | ૪૨૧ | ૦ |
| કુલ...... | ૧૩૧૨ | ૯૭ |

ઉપરોકત બાળકો સંસ્થાના રજીસ્ટર પર નોંધાયેલ છે અને તેમને સરકારશ્રી દ્રારા મળતી તમામ સહાય પૂરી પાડવામાં આવે છે.

## હયુમન ડેવલપમેન્ટ (માનવ સંસાધન વિકાસ હેઠળ તાલીમ)

| ક્રમ | ટ્રેનિંગ કોર્ષનું નામ | તાલીમાર્થી ઓની સંખ્યા | અત્યાર સુધી તાલીમ પુર્ણ કરેલ તાલીમાર્થીઓની સંખ્યા | કોર્ષ માટેનો સમય |
|---|---|---|---|---|
| ૧ | ડિપ્લોમા એજયુકેશન સ્પેશ્યલ એજયુકેશન-મેન્ટલ રિટાર્ડેશન (ડી.એડ.એસ.ઈ.-એમ.આર.) | ૧૭ | ૧૯૬ | ૨ વર્ષ |
| ૨ | સ્પેશ્યલ બી.એડ.-મેન્ટલ રિટાર્ડેશન (બી.એડ.એસ.ઈ.ડી.ઈ.-એમ.આર.+વી.આઇ.) | ૦૪ | ૩૦૬ | ૨ વર્ષ |
| ૩ | ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ સેન્ટર (આઇ.ટી.સી.) કોમ્પ્યુટર ઓપરેટર કોર્ષ (વી.આઇ.+ઓ.એચ.માટે) | ૫ | ૧૪૯ | ૧ વર્ષ |
| ૪ | ફાઉન્ડેશન કોર્ષ ઇન કેર ગિવિંગ | ૦ | ૪૬ | ૬ મહિના |
| ૫ | કોમ્પ્યુટર કૌશલ્ય કોર્ષ (સી.સી.સી. અને સી.સી.સી.+) | ૦ | ૧૫૯ | ૧૩ દિવસ |

તદ્‌ઉપરાંત, સંસ્થા ખાતે સામાન્ય શાળાઓના શિક્ષકોને દિવ્યાંગ બાળકોને યોગ્ય રીતે જરૂરી શિક્ષણ આપી શકે તે માટે તાલીમ આપવા માટે ફાઉન્ડેશન કોર્ષ પણ ચલાવવામાં આવે છે. અને આર.સી.આઇ.ન્યુ દિલ્હી ખાતે રજિસ્ટ્રેશન પામેલ દિવ્યાંગોના ક્ષેત્રમાં કાર્યરત વિશિષ્ટ શિક્ષકો માટે રિફ્રેશર કોર્ષ સી.આર.ઇ. પ્રોગામ પણ સંસ્થા ખાતે દર વર્ષે રાખવામાં આવે છે.

## PROGRAMMES/ACTIVITIES HELD DURING THE YEAR 2022-2023

| Sr. No. | Date | Programme | Programme detail |
|---|---|---|---|
